**બાંધકામ મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરી / ગેરી દ્વારા તથા ૧૦% ગેરી લેબોરેટરીમાં કરવા બાબત**

# ગુજરાત સરકાર
# માર્ગ અને મકાન વિભાગ,
# પરિપત્ર ક્રમાંક : પરચ / ૧૦૨૦૦૭ / ૨૮ / સ
# સચિવાલય, ગાંધીનગર.
# તા. ૩૧/૧૨/૨૦૦૯

**<u>પરિપત્ર :–</u>**

બાંધકામ મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવત્તા માટેના પરીક્ષણ હાલ ગેરી કે સરકાર માન્ય સંસ્થા (લેબોરેટરી) મારફતે કરવામાં આવે છે, કામોની પ્રગતિની સમીક્ષા દરમ્યાન ક્ષેત્રીય અધિકારીઓ તરફથી જાણવા મળેલ છે કે ઉકત હયાત પ્રક્રિયામાં ટેસ્ટીંગના પરિણામો વિલંબથી મળે છે, જેમાં સમય પણ ખૂબ વ્યતિત થાય છે. ઈજારદાર એસોસીએશન તરફથી આવી રજઆતો મળી છે, આથી આ મુશ્કેલી ધ્યાને લેતાં ઈજારદારશ્રી દ્વારા જે તે કામ માટે સ્થાપવામાં આવતી લેબોરેટરીમાં સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવે તો વિલંબ નિવારી શકાય તે બાબત વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની નીતિ હાલના તબકકે અનુસરવા નકકી કરવામાં આવ્યું છે.

નીચે જણાવેલ પરીક્ષણોમાં પ્રવર્તમાન પધ્ધતિમાં ફેરફાર કરી ફ્રીકવન્શી અનુસાર જરૂરી પરિક્ષણો પૈકી ૧૦% સરકાર માન્ય લેબોરેટરી / ગેરી તથા ૧૦% ગેરી લેબોરેટરી અને ૮૦% ફીલ્ડ લેબોરેટરી દ્વારા કરાવવાના રહેશે. પરંતુ ગેરીમાં નીચેના દરેક પૈકી ઓછામાં ઓછું ૧ (એક) પરીક્ષણ ગેરી લેબોરટરીમાં કરવાનું રહેશે તથા ઓછામાં ઓછું એક પરીક્ષણ ગેરી / સરકાર માન્ય લેબોરટરીમાં કરાવવાનો રહેશે. જેમાં નીચે દર્શાવેલ પરીક્ષણો સ્થળ પર કરવાના રહે છે.

| | | |
|---|---|---|
| એ | એગ્રીગેટ | (૧) ગ્રેડેશન (૨) ફલેકીનેશ અને ઈલોંગેશન વેલ્યુ<br>(૩) ઈમ્પેકટ વેલ્યુ (૪) વોટર એબસોર્પશન |
| બી | માટી | (૧) ફીલ્ડ એફડીડી અને એફએમસી (૨) સીવ એનાલીસીસ |
| સી | રેતી | (૧) ગ્રેડેશન |
| ડી | ઈંટો | (૧) ડાયમેનશન અને ટોલરન્સ ટેસ્ટ (૨) વોટર એબસોર્પશન |
| ઈ | કોંક્રીટ | (૧) નોન ડીસ્ટ્રકટીવ ટેસ્ટ (અલ્ટ્રા સોનીક ટેસ્ટીંગ પધ્ધતિથી)<br>(૨) સ્લમ્પ ટેસ્ટ (૩) કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ |
| એફ | બીટુમીનસ મીકસ | (૧) ડામરની ટકાવારી |
| જી | ડ્રાય મીક્ષ મટરીયલ | (૧) ગ્રેડેશન |

**શરતો :–**

૧. ઈજારદારે કામની ગુણવત્તા માટે ધારા ધોરણ પ્રમાણેની અને ઉપર જણાવેલ પરિક્ષણો માટે પ્રમાણિત થયેલ જરૂરી તમામ સાધનો સહિતની ફીલ્ડ ટેસ્ટીંગ લેબોરેટરી સ્વ ખર્ચે કામના સ્થળે યોગ્ય જગ્યા ઉપર સ્થાપવાની રહેશે. રસ્તાના કામ માટે લાગુ પડતા પ્લાન્ટના સ્થળને કામનું સ્થળ ગણી શકાય. પરંતુ કામનું સ્થળ લેબોરેટરીથી દુર હોય તો ઈજારદારશ્રી દ્વારા મોબાઈલ લેબોરેટરીની જરૂરી વ્યવસ્થા રાખવાની રહેશે.

૨. કા.ઈ.શ્રી જયારે સ્થળ પર તેઓનું ચેકીંગ કરવા જાય ત્યારે ટેસ્ટીંગ તેઓએ તેમની રૂબરૂમાં પણ કરવાનું રહેશે.

૩. ધારા ધોરણ પ્રમાણેના પરીક્ષણોની સંખ્યા પૈકી ૮૦% પરીક્ષણ ફીલ્ડ લેબોરેટરીમાં ઈજારદારના અધિકૃત કવોલીફાઈડ ઈજનેર કે જેઓને સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીએ **I-CARD** આપેલ હોય તેમના દ્વારા ખાતાના ના.કા.ઈ. / મ.ઈ. /

અ.મ.ઈ. ની હાજરીમાં જ કરવાના રહેશે અને પરિણામોમાં સંયુકત સહીઓ કરવાની રહેશે જયારે ૧૦% પરીક્ષણ ગેરી / સરકાર માન્ય લેબોરેટરી (ઓછામાં ઓછું એક પરીક્ષણ) અને ૧૦% ગેરી લેબોરેટરી (ઓછામાં ઓછું એક પરીક્ષણ) મારફતે કરાવવાના રહેશે.

૪. કુલ પરીક્ષણોના ૮૦% પરીક્ષણ એક જ સ્થળે સમયે એકજ તબકકામાં નહી કરતાં કામની પ્રગીત મુજબ જે તબકકાએ જે તે કામગીરીને અનુરૂપ જે મટીરીયલ્સ વાપરવાનું થતું હોય તદઅનુસાર શરૂઆતના તબકકામાં રાખવું વચ્ચેના તબકકામાં તેમજ આખરી તબકકામાં કરાવવાનું રહેશે. આમ છતાં આ બાબતે સ્થાનિક કક્ષાએથી ના.કા.ઈ.શ્રીએ જરૂરીયાત મુજબ તબકકાવાર પરીક્ષણો નકકી કરવાના રહેશે.

૫. ગુણવત્તા નિયમન ધારા–ધોરણ પંમાણેના બધા જ રજીસ્ટર નિયમિત રીતે નિભાવવાના રહેશે, અને તે જે સ્થળે લેબોરેટરીમાં ઉપલબ્ધ રહે તેમ રાખવાના રહેશે.

૬. જો કોઈ કારણસર ટેસ્ટીંગના સાધન અપ્રાપ્ય હોય અથવા વસાવવામાં સમય જાય તેમ હોય કે વ્યવહારૂ ન હોય (જેમ કે ઈલેકટ્રોમેટીક બેરીંગ) તો આવા પરીક્ષણો ગેરી / સરકાર માન્ય સંસ્થાઓમાં કરાવી શકાશે. અને આ બાબતનો નિર્ણય સંબંધિત કા.ઈ.શ્રી / ના.કા.ઈ.શ્રીએ કરવાનો રહેશે. ગેરીમાં ન થઈ શકે તેવા ટેસ્ટ સરકાર માન્ય લેબોરેટરીમાં કરાવી શકાય.

૭. વિભાગના ક્ષેત્રિય તાંત્રિક સ્ટાફે ના.કા.ઈ. / મ.ઈ. / અ.મ.ઈ. એ તેમજ ઈજારદારના તાંત્રિક સ્ટાફ દ્વારા ગેરીમાં પરીક્ષણ જાતે કરવાનો સંતોષકારક અનુભવ મેળવી આ બાબતનું ગેરીનું પ્રમાણપત્ર પણ મેળવવાનું રહેશે. જે તે જિલ્લા / પ્રાદેશિક સ્તરે ગેરીની લેબોરેટરીમાં કોર્ષ કન્ડકટ કરવા માટે જરૂરી ફી જે તે વિભાગના કા.ઈ.શ્રીએ ચુકવવાની રહેશે અને આ કાર્યવાહી સમયબધ્ધ પૂર્ણ થાય તે માટે સંબંધિત અ.ઈ.શ્રીએ આ કામગીરીની વખતોવખત સમીક્ષા કરવાની રહેશે.

૮. આ પરિપત્રથી ઉપર જણાવેલા પરીક્ષણો પૈકી ૮૦% પરીક્ષણો ક્ષેત્રિય લેબોરેટરીમાં કરવાનો સમય તા. ૧/૦૧/૨૦૧૦ થી કરવાનો રહેશે.

૯. ગેરીમાં ટેસ્ટીંગ કરાવતાં સમયે ગેરીનો ટેસ્ટીંગ ચાર્જ ત્વરીત ભરવાનો રહેશે. જેથી પરીક્ષણના પરીણામો સમયસર મેળવી શકાય.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ.

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.
૨. મુ.ઈ.શ્રી (મા.મ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. મુ.ઈ.શ્રી (પંચા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. મુ.ઈ.શ્રી (ને.હા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. મુ.ઈ.શ્રી (પા.યો.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. મુ.ઈ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. નિયામકશ્રી (એસટીસી) સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
૮. મુ.ઈ.શ્રી (પીએનપી) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. નાણાં સલાહકારશ્રી, (મા.મ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સર્વે અ.ઈ.શ્રીઓ, મા.મ. વર્તુળ, પેટા / મા.મ. વર્તુળ / ને.હા. વર્તુળ / એક્ષપ્રેસ–વે વર્તુળ /પાટનગર યોજના વર્તુળ.
૧૧. સર્વે કા.ઈ.શ્રીઓ ઉપર્યુકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.
૧૨. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત).
૧૩. સર્વે પ્રોજેકટ શાખાઓ (રસ્તાને લગતી) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સિલેકટ ફાઈલ.

**ઈ–ટેન્ડરીંગમાં ટેન્ડર ફી અને ડોકયુમેન્ટસ રજુ કરવા અંગે.**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦૨૦૦૮–પ–સ (પાર્ટ ફાઈલ)
સચિવાલય, ગાંધીનગર
**તા. ૨૭/૧૧/૨૦૦૮**

વંચાણે લીધો :– તા. ૧૮/૦૧/૦૮ નો પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦૨૦૦૮–પ–સ,

**પરિપત્ર :–**

માર્ગ અને મકાન વિભાગમાં હાલમાં ટેન્ડરો ઈ–ટેન્ડર પધ્ધતિથી સ્વીકારવામાં આવે છે. તે અન્વયે સમાન ક્રમાંકના તા. ૧૮/૦૧/૦૮ ના પરિપત્રમાં ટેન્ડર ફી અને બાનાની રકમ જે તે કાર્યપાલક ઈજનેરને ખરેખર ચુકવવા માટે દિન–૭ માં અસલમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી મોકલવાની તેમજ અસલમાં ડીમાન્ડ ડ્રાફટ નહિ મોકલનાર સામે શિક્ષાત્મક પગલાં લેવાની જોગવાઈ હતી.

ઉપરોકત પરિપત્રમાં નીચે મુજબ અંશતઃ સુધારો કરી આ શરતનો સમાવેશ ટેન્ડર નોટીસ / ટેન્ડરના મુસદામાં Through R.P.A.D. so as reach to E.E. Division - within 7 days from the last date of uploading ને બદલે "to S.E. at the time of tender opening or send the same through R.P.A.D. so as to reach to E.E. Division - Within 7 days from the last date of opening" સુધારો કરવામાં આવે છે. તેમજ ખરેખ ટેન્ડર ફી તેમજ બાનાની રકમ નિયત સમયમાં ઈજારદાર ન ભરે તો ઈજારદારની નોંધણી એક વર્ષ માટે એબેન્સમાં રાખવાની કાર્યવાહી કરી ઈ–ટેન્ડરીંગનો કોડ એક વર્ષ માટે રદ કરાશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે ઉપસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, રાજયવિભાગ / પંચાયત મા.મ. વર્તુળ / ને. હા. વર્તુળ / પા.યો. વર્તુળ / રા.મા.યો. વર્તુળ ગાંધીનગર સહિત.
- સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વર્તુળ / પંચાયત માર્ગ અને મકાન વર્તુળ / ને. હા. વર્તુળ / પા.યો. માર્ગ અને મકાન વર્તુળ .
- સર્વે શાખાઓ / મા.મ.વિ. / સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઈલ.

<u>જરૂરી // સમય મર્યાદા</u>

ક્રમાંક– સીડબલ્યુએ/ ૨૦૦૪ / ૮૪૧/ મ(૩)
શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
**તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૦૫.**

પ્રતિ,
નાયબ શ્રમ આયુકતશ્રી,
અમદાવાદ/ વડોદરા/ સુરત/ રાજકોટ રીજીયન

સંયુકત નિયામકશ્રી,
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
અમદાવાદ/ વડોદરા/ સુરત/ રાજકોટ રીજીયન

**વિષય :– ધી બીલ્ડીગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ વેલફેર શેષ એકટ, ૧૯૯૬ હેઠળ કામગીરી કરવા બાબત..**

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, ધી બીલ્ડીગએન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ વેલફેર શેષ એકટ, ૧૯૯૬ હેઠળ તા.૧૮/૧૨/૨૦૦૪ થી ધી બાંધકામ વ્યવસાયમાં સંકળાયેલા દરેક સંસ્થાઓ, કોન્ટ્રાકટર, સરકારી સંસ્થા અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પાસેથી બાંધકામની કિંમતનાં ૧ ટકા લેખે શેષ ઉઘરાવવાનો રહે છે. પ્રસ્તુત શેષ રકમ ઉઘરાવવા માટે સરકારશ્રીનાં તા.૦૩/૦૧/૨૦૦૫ નાં જાહેરનામા ક્રમાંક– જીએચઆર/૨૦૦૫/૦૪/સીડબલ્યુએ/ ૨૦૦૪/ ૮૪૧/ મ(૩), થી સર્વે સંબંધિતોની શેષ કલેકટર અને એસેસીગ ઓફીસર તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. અને આવી વસુલ કરેલ રકમ કયા સદર હેઠળ જમા કરાવવાની રહે છે તે અંગેનો ઠરાવ તારીખ– ૦૯/૧૨/૨૦૦૫ નાં રોજ બહાર પાડેલ છે, જેની નકલ પણ આ સાથે સામેલ છે.

હવે સદર બાબતે આપના કાર્યક્ષેત્રમા આવતાં સંબંધિત શેષ કલેકટરશ્રી તથા એસેસીગ ઓફીસર સાથે રહી તેઓશ્રીનો રૂબરૂ સંપર્ક કરી, તેઓને આ કાયદાથી મળેલ સત્તાઓ અન્વયે માહિતગાર કરવા તથા આ શેષ ઉઘરાવવાની કામગીરી સઘન બનાવવા આથી આપને સુચના આપવામાં આવે છે. આ અંગે ચાલુ નાણાંકીય વર્ષનાં બાકી રહેલ ત્રણ મહિનામાં આપના કાર્યક્ષેત્રમાં આવતાં આ વ્યવસાય સાથે સંકળાયેલ દરેક સંસ્થા, કોન્ટ્રાકટર, સરકારી સંસ્થા કે સ્થાનિક સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા રૂા.૧૦ કરોડની શેષ પેટે વસુલાત થાય તે પ્રમાણેનાં સઘન પ્રયત્નો કરવાનાં રહેશે. આવી વસુલાત લક્ષ્યાંક પ્રમાણે કરનાર અધિકારીઓનાં ખાનગી અહેવાલમાં તેની નોંધ લેવામાં આવશે અને લક્ષ્યાંક પ્રાપ્ત નહી કરનાર અધિકારીઓનાં ખાનગી અહેવાલમાં તે પ્રમાણેની નોંધ લેવામાં આવશે. જેથી ઉકત સંબંધિત અધિકારીઓએ ધ્યાનમાં લઈ સરકારશ્રીએ નકકી કરેલ લક્ષ્યાંકો પાર પાડવા માટે સમય મર્યાદામાં આ કામગીરી કરવાની રહેશે.

આ બાબતથી સંબંધિત શેષ કલેકટર અને એસેસીંગ ઓફીસરોને વાકેફ કરવા અને આ લક્ષ્યાંકો પાર પાડવા માટે જરૂરી માર્ગદર્શન માટે આ સાથે ઉકત એકટની નકલ પણ મોકલવામાં આવે છે.

બિડાણઃ–

આપનો વિશ્વાસુ,
સહી/– (વી. કે. બબ્બર)
અગ્ર સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

**<u>નકલ રવાના :–</u>**

(૧) શ્રમ આયુકતશ્રી, ગુ.રા.
ઓ–૩, ન્યુ મેન્ટલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, મેઘાણીનગર, અમદાવાદ–૩૮૦ ૦૧૬

(૨) નિયામકશ્રી,
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય,
ઓ–૯, ન્યુ મેન્ટલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, મેઘાણીનગર, અમદાવાદ–૩૮૦ ૦૧૬
વિભાગ તરફથી સોંપેલ ઉકત કામગીરી માટે અન્ય ક્ષેત્રિય અધિકારીઓ પણ મદદરૂપ થાય તે પ્રમાણેની સુચનાઓ જારી કરવા સારૂં. આ કામગીરીની સમીક્ષા કરીને તેનો પખવાડિકઅહેવાલ અચુક મને નામજોગ રજુ કરવો અને ક્ષેત્રિય અધિકારીઓની કામગીરીનું મુલ્યાંકન કરીને, તેઓનાં ખાનગી અહેવાલમાં જરૂરી નોંધ લેવા સારૂં.

(૩) રીજીયોનલ લેબર કમિશ્નરશ્રી, ભારત સરકાર, અમદાવાદ.

(૪) સભ્ય સચિવ અને વેલ્ફેર કમિશ્નરશ્રી, ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ.

(૫) સીલેકટ ફાઈલ.

(૬) નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઈલ.

Opening of New Sub Head of Account

Government of Gujarat
Labour and Employment Department
No.CWA-2004-1831-M (3)
Sachivalaya, Gandhinagar
Dated : 09/12/2005

Read

(1) Commissioner of Labour (Factory Wing), Ahmedabad, letter No. CL-D/SH-A-LAW-1748, Dated 3/6/2004.

(2) Finance Department, Gandhinagar letter No. ONS-102005-5435(133)-K, Dated 01/12/2005.

# RESOLUTION

Under the Gujarat Building and other Construction Workers (Regulation of Employment and Condition of Services )Rules, 2003, the proposal to meet with the expenditure incurred for the various welfare activities for the beneficiaries of Gujarat Building & other Construction Workers Welfare Board and payment of salaries to the establishment of the said board, has been received from Commissioner of Labour, vide his letter referred to in the preamble. The said proposal was under active consideration for some time. After careful consideration, the Government is pleased to open a New Sub Head of Account as under :-

| | |
|---|---|
| Demand No. | |
| Major Head | 0230 - Labour and |
| Sub Major Head | |
| Minor Head | 106 - Fees under Contract Labour (Regulation and Abolition) Rules |
| Sub Head | (03) - Contribution from beneficiaries building workers under Gujarat Building & Other Construction Workers Welfare Cess Act , 1996. |
| Demand No. | |
| Major Head | 0230 - Labour and Employment |

| | |
|---|---|
| Sub Major Head | |
| Minor Head | 106 - Fees under Contract Labour (Regulation and Abolition) Rules |
| Sub Head | (04) - Income from Cess leveled under Gujarat Building & Other Construction Workers Welfare Cess Act, 1996. |

| | |
|---|---|
| Demand No. | 57 |
| Major Head | 2230 - Labour and Employment |
| Sub Major Head | 01 - Labour |
| Minor Head | 111 - Social Security of Labour |
| Sub Head | (05) - Activities of the Gujarat Building & Other Construction Workers Welfare Cess Act, 1996. |

2. The Competent Authority (Registering Officer or the Appelate Officer as the case may be) shall arrange to deposit the amount in the said head by Challan in the respective treasury or in the bank specified by the State Government, accordingly.

3. This order is issued in concurrence with Finance Department's letter Dt. 01 / 12 / 2005, referred to in preamble.

By order and in the name of the Governor of Gujarat.
Sd/- (S. K. Bamaniya),
Under Seceratary to Govt. of Gujarat,
Labour & Employment Department.

To,

1 The Principal seceratary & Chairman,. Gujarat Building & Other Construction Workers Welfare Board, Sachivalaya, Gandhinagar.

2 The Commissioner of Labour, Gujarat State, O - 3, New Mental Hospital Compound, Meghaninagar, Ahmedabad.

3 The Director, Industrial Safety & Health, O - 9, New Mental Hospital compound, Meghaninagar, Ahmedabad.

4 The Accountant General, Gujarat, Ahmedabad.

5 The Accountant General, Gujarat, Rajkot.

6 All District Treasury Officers.

7 The Deputy Commissioner of Labour, C/O The Commissioner of Labour, Gujarat State, Meghaninagar, Ahmedabad.

8 The Member Secretary, Gujarat Building & Other Construction Workers Welfare Board, C/O Office of the Commissioner of Labour, Gujarat State, Meghaninagar, Ahmedabad - 16.

9 The Finance Department (K - Branch), Sachivalaya, Gandhinagar.

10 The Section Officer,M-1 Branch, Labour & Employment Department, Sachivaiaya, Gandhinagar.

11. The Branch, Select File //

12 The Deputy S. O. Select File.

Authorities (except Gujarat Panchayat and Nagar Panchayat and referred cess Collector and Assessing Officers.

The Building and other Construction Workers Welfare Board has passed the necessary resolution to collect the cess with effect from 18th December, 2005.

Accordingly the cess is payable by Government offices, public sector under taking, local authority or cess collector to the board in Challan prescribed in the following head/sub head.

| | | |
|---|---|---|
| Major Head | : | 0230-Labour & Employment |
| Minor Head | : | 106-Fees under Contract Labour (Regulation & Abolition) Rules. |
| Sub Head | : | (04) - Income from cess levied under Gujarat Building & Other Construction Workers Welfare Cess Act, 1996. |

Approval of the Finance Department, Government of Gujarat has been taken for meeting the expenditure to be incurred for the various Welfare

activities by the Gujarat Building & Other Construction Workers Welfare Board and the opening of the accounting head/sub head in File No. CWA-2004-1831-M/3 on 1st December, 2005 (copy of Resolution dated 9-12-2005 is enclosed).

All Government Departments Public Sectors under takings and local authorities are instructed to pay the above cess as per the ac. All Departments, Public Sectors Under takings and local authorities are also advised to incorporate the 1% Cess in their for estimates all new works.

By order and in the name of Governor of Gujarat.

Sd/- (Vinod Babbar)
Principal Secretary to Government
Labour & Employment Department

Secretary to the Governor, Rajbhavan, Gandhinagar.

Principal Secretary to Chief Minister, Sachivalaya, Gandhinagar.

P.S. to All Ministers.

P.S. to Ministers of State.

P.S. to Chief Secretary.

Accountant General, Rajkot // Ahmedabad.

All Department of Sachivalaya, with a request to circulate to all H.O.Ds // Boards Corporations under their administrative control.

Pay & Accounts Office, Ahmedabad//Gandhinagar.

Resident Audit Office, Ahmedabad//Gandhinagar.

All Head of Departments under Labour & Employment Department.

All District Panchayats.

All Municipal Corporations.

Branch Select File

Deputy S.O. Select File.

# NOTIFICATION

**Labour and Employment Department**
**Sachivalaya, Gandhinagar**
**Dated the 3rd January, 2005**

BUILDING AND OTHER CONSTRUCTION WORKERS WELFARE CESS RULES, 1998

No.GHR/205/04/CWA/204/841/M-3

In exercise of the powers conferred by Clause No.1 and (g) of Rule-2 of the Building and Other Construction Workers Welfare Cess Rules pass the Government of Gujarat hereby appoints the following officer to be the Cess Collector and Assessing Officer not below the rank of Gazetted Officer for the purpose of collecting of cess under Section-3 and assessment of cess under Section-5 of the Building and Other Construction Worker's Welfare Cess Act, 1996 (28 of Para).

(1) All Heads of Departments of Government of Gujarat in relation for another construction work of Government.

(2) All Sections of Heads of the Public Section under

(3) All Executive Heads of local authorities except Gram Panchayat, Dist. Panchayat, where an approval of the building and other construction work / Local authority is required.

By order and in the name of the Govenor of Gujarat.

Sd/- (Shambhai Patel)
Joint Secretary to Government

**રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ**
**<u>ખનીજની રોયલ્ટી ભરવા બાબત.</u>**

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક : એમએમઆર/૧૧૨૦૦૦/૨૦૧૩/છ
સચિવાલય,ગાંધીનગર
**તારીખ :– ૧–૯–૨૦૦૪**

વંચાણે લીધા :–

(૧) ઉધોગ ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંક : એમસીઆર– ૨૧૬૮–૭૩૮૦–છ તા.૧૨/૧૨/૧૯૬૯

(૨) ઉધોગ ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંક : એમસીઆર– ૨૧૬૮–૮–૬૬૮૫–છ તા.૧/૧/૧૯૮૭

(૩) ઉધોગ ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંક : એમસીઆર– ૨૧૮૮–(૮)૬૫–છ તા.૨૫/૧/૧૯૯૧

(૪) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્ર:એમસીઆર–૧૦૯૭–૨૮૫૬–છ, તા.૬/૧૧/૧૯૯૭

(૫) માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ એમ્પાવર્ડ કમીટીની તા.૧૮/૬/૨૦૦૪ ની બેઠકની કાર્યવાહી નોંધ.

**<u>ઠરાવ</u>** :–

ઉધોગ, ખાણ અને ઉર્જા વિભાગના સંદર્ભ – (૩) હેઠળના ઠરાવથી એવી જોગવાઈ કરવામાં આવેલ કે રાજય સરકારના, પંચાયતોના અને સરદાર સરોવર નર્મદા નિગમના બાંધવામાં આવતાં રસ્તાઓના કે સિંચાઈ વગેરેના કામો માટે જયારે સાદી માટી ( ઓર્ડીનરી કલે–અર્થ ) અને (સોફટ) મુરમ વાપરવામાં આવે ત્યારે ગુજરાત ગૌણ ખનિજ નિયમ, ૧૯૬૬ મુજબ રોયલ્ટી લેવાના નિયમો લાગુ પડશે નહી. એટલે કે આ કામો માટે કોન્ટ્રાકટરો પાસે સાદી માટી ( ઓર્ડીનરી કલે– અર્થ ) અને (સોફટ) મુરમ માટે રોયલ્ટી લેવાથી થશે નહી તથા સંદર્ભ– (૪) હેઠળના વિભાગના તા.૬/૧૧/૯૭ ના ઠરાવથી ગુજરાત વિધુતબોર્ડ ધ્વારા હાથ ધરવામાં આવતાં કામો માટે પણ ઉપર મુજબ રોયલ્ટી મુકિતનો લાભ આપવામાં આવેલ.

ઉપર્યુકત જોગવાઈના કારણે રાજયમાં ગેરકાયદેસર રીતે આ ખનીજોનો વપરાશ થતો હોવાનું જણાયેલ છે. જેના પરિણામે રાજય સરકારે રોયલ્ટીની આવક ગુમાવવી પડે છે માટે ઉપરોકત હુકમોની જોગવાઈની સમીક્ષા કરી તે દૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તા.૧૮/૬/૨૦૦૪ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ એમ્પાવર્ડ કમીટીની બેઠકમાં નકકી થયા મુજબ સંદર્ભ–૩ તથા સંદર્ભ–૪ હેઠળના વિભાગના તા.૨૫/૧/૯૧ તથા તા.૬/૧૧/૯૭ ના ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર.બી.વ્યાસ )
નાયબ સચિવ
ઉધોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- મા.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મા.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,
- રાજય કક્ષાના મંત્રીશ્રી ( ઉધોગ અને ખાણ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,પંચાયત અને ગ્રામ ગહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નર્મદા અને જળ સંપત્તિ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડેરીકટરશ્રી, સરદાર સરોવર નર્મદા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત વિધત બોર્ડ, રેસકોર્સ, વડોદરા
- સચિવાલયના સર્વે વિભાગો
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ / રાજકોટ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય ,ગાંધીનગર
- સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ
- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું ,ગાંધીનગર
- અધિક નિયામકશ્રી ( એફ.એસ.)ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ , ગાંધીનગર
- મુખ્ય વન સંરક્ષક શ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- ડાયરેકટર એકાઉન્ટન્ટ એન્ડ ટ્રેઝરી, ગાંધીનગર
- રાજયના સર્વે ખાતાના વડાઓ
- સર્વે કલેકટરશ્રીઓ
- સિનિયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ અમદાવાદ,વડોદરા,રાજકોટ , ભુજ
- સર્વે પ્રાંત અધિકારીઓ.
- સર્વે મામલતદારશ્રઓ / મહાલેખાકારશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, જળસંપત્તિ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, નર્મદા વિભાગ.
- સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ જળ સંપત્તિ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ,નર્મદા વિભાગ.
- સર્વે વન સંરક્ષકશ્રીઓ.
- સર્વે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રી, કલેકટર કચેરી ( ખનિજ શાખા )
- પે એન્ડ એકાઉન્ટન્સ ઓફીસર , ગાંધીનગર / સિલેકટ ફાઈલ

**વિષય :– રસ્તા, પુલો તથા મકાનોના બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મુકવા બાબત.**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી–૧૦૯૦–૨૪–સ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭–૮–૨૦૦૨.

સંદર્ભ :– ૧. જા.બા.વિ.નો પરિપત્ર ક્રમાંકઃબીડીજી–૩૨૭૭–(૧૬૫)–ન, તા.૨૬–૪–૭૮
૨. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ
૩. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૧૮–૧૧–૯૧
૪. મા.મ.વિ.નો પરિપત્ર ક્રમાંક : ટીએનસી–૧૦૯૭–૨૪–સ, તા.૨૨–૭–૯૮

**<u>પરિપત્ર</u> :–**

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવો/ પરિપત્રથી રસ્તા, પુલો અને મકાનોના કામોના વર્કઓર્ડર આપ્યા બાદ તુર્ત જ કામના સ્થળે કામની વિગત તથા સ્પેશીફીકેશન દર્શાવતું બોર્ડ ઈજારદારશ્રીના સ્વખર્ચે મુકવાની સૂચના આપવામાં આવેલ છે. તા.૧૮–૧૧–૯૧ના ઠરાવ અનુસાર આ બોર્ડ મુકવાની શરત ટેન્ડરના ભાગ તરીકે ગણવા પણ ઠરાવવામાં આવેલ છે.

આમ છતાં સરકારશ્રીનાં ધ્યાન ઉપર આવેલ છે કે, ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે અમલ કરવામાં આવતો નથી. જે યોગ્ય ન હોઈ આથી આપના કાર્યક્ષેત્રના રૂા.૫.૦ લાખથી વધુ ર અંદાજી કિંમતના કામો ઉપર સંદર્ભિત સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તેની દરેક અધિક્ષક ઈજનેરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી / નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને સૂચના આપવામાં આવે છે.

કામની વિગતનો નમુનો આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

ઉપરોકત સૂચનાઓનો અમલ ચુસ્તપણે થાય તેની કાળજી રાખવાની રહેશે.

(ય. મ. ભટ્ટ)
ઉપ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ

બિડાણ : પરિશિષ્ટ.

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ / પંચાયત મા.મ.વર્તુળ / નેશનલ હાઈવે વર્તુળ / એકસપ્રેસ વે વર્તુળ / પાટનગર યોજના વર્તુળ અને વિદ્યુત મા.મ. વર્તુળ સહીત.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ ઉપરોકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.
સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત), મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે પ્રોજેકટ શાખાઓ મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઈલ–૨૦૦૨.

# <u>પરિશિષ્ટ</u>

## માર્ગ અને મકાન વિભાગ હેઠળના રૂા.૫.૦ લાખથી વધારે કિંમતના રસ્તા/ પુલો/ મકાનોના કામો ઉપર કામની વિગત દર્શાવતા બોર્ડ :–

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ (કામનો પ્રકાર) | :– |
| ૨. | વિભાગનું નામ | :– |
| ૩. | પેટા વિભાગનું નામ | :– |
| ૪. | ટેન્ડરની રકમ | :– |
| ૫. | ઈજારદારશ્રીનું નામ | :– |
| ૬. | સુપરવાઈઝરી સ્ટાફના નામ | :– |
| ૭. | કામ શરૂ કરવાની તારીખ | :– |
| ૮. | કામ પૂરૂ કરવાની તારીખ | :– |
| ૯. | કામના સ્પેશીફીકેશન | :– |
| | | |
| | **રસ્તાના કામો :–** | |
| | માટી કામની જાડાઈ ––––––––––– સે.મી. | |
| | મેટલના પ્રથમ સ્તરની જાડાઈ –––––––––– સે.મી. | |
| | મેટલના બીજા સ્તરની જાડાઈ –––––––––– સે.મી. | |
| | ડામરની સપાટીનું કામ –––––––––– સે.મી. | |
| | (––––––––– કપચી, –––––––––ગ્રીટ અને ––––––––– ડામર વાપરવાનો) | |
| | ડામરની સીલીગ સરફેસનું કામનું કામ ––––––––––સે.મી. | |
| | (–––––––––––– કપચી, ગ્રીટ અને ––––––––––ડામર વાપરવાનો | |
| | પુલના કામો :– | |
| | પુલના ––––––––––લંબાઈના –––––––––––––ગાળા | |
| | પુલના પાયાના કોન્ક્રીટનું પ્રમાણ––––––––––––(સીમેન્ટ,કપચી, રેતી) | |
| | પુલના થાંભલા/એબટમેન્ટના કોન્ક્રીટનું પ્રમાણ ––––––––(સીમેન્ટ,કપચી, રેતી) | |
| | સુપરસ્ટ્રકચરના કોન્ક્રીટનું પ્રમાણ ––––––––(સીમેન્ટ,કપચી, રેતી) | |
| | અન્ય વિશેષ જોગવાઈ | |
| | **મકાનોના કામો :–** | |
| | પાયાનાના કોન્ક્રીટનું પ્રમાણ ––––––––(સીમેન્ટ,કપચી, રેતી) | |
| | ઈંટોના ચણતરમાં સીમેન્ટ/ રેતીનું પ્રમાણ ––––––––(સીમેન્ટ, રેતી) | |
| | ભોંયતળિયે ––––––––––સે.મી. જાડાઈની ––––––––––સે.મી. સાઈઝની મોઝેક | |

| | |
|---|---|
| | ટાઈલ્સ બારી બારણા–સાગી લાકડાના/ સ્ટીલ ફ્રેમ/ અન્ય |
| | આર સી સી કામો |
| | આર સી સી કામમાં કોન્ક્રીટનું પ્રમાણ –––––––(સીમેન્ટ,કપચી, રેતી) |
| | |

આ કામના વિગતવાર સ્પેસીફીકેશન નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ––––––––––––– પેટા વિભાગની કચેરીઓ, ઓફિસના સમય દરમ્યાન કોઈપણ સમયે જોઈ શકશે.

આ કામની માલિકી જાહેર જનતાની છે અને કામમાં કોઈપણ ક્ષતિ કે અનિયમિતતા જણાય, તો તે બાબતમાં સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રી,––––––––––– વર્તુળ કે જેઓની કચેરી –––––––––––– સ્થળે છે તેઓનું ધ્યાન દોરવા વિનંતી છે.

કાર્યપાલક ઈજનેર
––––––– વિભાગ

ક્રમાંક : ટીએનસી/૧૦૯૦/૨૪/સી

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
**તારીખઃ– ૧૭–૮–૨૦૦૨**

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,
(સ્ટેટ, પંચાયત, સ્વ.પ્રોજેકટ),
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ,
(સ્ટેટ, પંચાયત, સ્વ.પ્રોજેકટ),

**વિષય :– રસ્તા, પુલો તથા મકાનોના બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મૂકવા બાબત..**

અનુસંધાન :– ૧.પરિપત્ર ક્રમાંકઃટીએનસી/૧૦૯૦/૨૪/સ, તા.૨૨–૭–૯૮
૨. સરખા ફાઈલ ક્રમાંક : તા.૧૭–૮–૨૦૦૨

માર્ગ અને મકાન વિભાગનાં સંદર્ભ હેઠળના પરિપત્રોથી રસ્તા, પુલો અને મકાનોના કામોના વર્ક ઓર્ડર આપ્યા બાદ તુર્ત જ કામના સ્થળે કામની વિગત તથા સ્પેશીફીકેશન દર્શાવતું બોર્ડ ઈજારદારશ્રીના સ્વખર્ચ મુકવાના સુચનો આપવામાં આવેલ છે. સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે, ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે અમલ કરવામાં આવતો નથી, જેની સરકારશ્રીએ ગંભીર નોંધ લીધેલ છે.

આપના કાર્યક્ષેત્રમાં રૂા.૫.૦ લાખથી વધારે અંદાજી કિંમતના ચાલુ કામો ઉપર દિન–૧૦ માં બોર્ડ મુકવા જરૂરી કાર્યવાહી કરવા આથી આજ્ઞાનુસાર સુચના આપવામાં આવે છે. આ સર્વ કામો ઉપર મુકી તેની જાણ સંબંધિત મુખ્ય ઈજનેરશ્રીને અચૂક કરવી.

( ય. મ. ભટ્ટ )
ઉપસચિવ
માર્ગ અને મકાન વિભાગ

નકલ સવિનય રવાના :–
સંયુકત સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગનાં પત્ર ક્રમાંક– વહસ/૧૦૨/મુમક/૧૮૭૬/વસુતા૫(૨) તા.૧૨–૮–૨૦૦૨ સંદર્ભે મુદ્દા નં.૨ અંગે જાણ સારૂ.

બિડાણ :– પરિપત્રની નકલ

નકલ સવિનય રવાના :–
નાયબ સચિવશ્રી (સંકલન)
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

# <u>માલ સામાનના પરીક્ષણ અંગે ટેસ્ટની સંખ્યા અને સ્વીકૃતિનાં ધોરણો દર્શાવતું પત્રક</u>

**ગુણવત્તા નિયમન માર્ગ અને મકાન વિભાગ**

| ક્રમાંક | ટેસ્ટની વિગત | | ટેસ્ટનાં ધોરણો | પરિણામોની સ્વીકૃતિના ધોરણો |
|---|---|---|---|---|
| ૧. | **સીમેન્ટ** | | | |
| | (ક) | **સેટીગ ટાઈમ ઈનીશીયલ** | ૫૦ ટનના ર ટકા થેલીઓમાંથી એક સેમ્પલ લેવાનો રહે છે. | ૩૦ મીનીટ કરતા ઓછું નહી. |
| | | | ૫૦ થી ૧૦૦ ટન– ર સેમ્પલ | ૬૦૦ મીનીટ કરતા વધારે નહી. |
| | | | ૧૦૦ થી ર૦૦ ટન– ૩ સેમ્પલ | |
| | | | ર૦૦ થી ૩૦૦ ટન– ૪ સેમ્પલ | |
| | | | ૩૦૦ થી ૫૦૦ ટન– ૫ સેમ્પલ | |
| | | | ૫૦૦ થી ૮૦૦ ટન– ૬ સેમ્પલ | |
| | | | ૮૦૦ થી ૧૩૦૦ ટન– ૭ સેમ્પલ | |
| | (ખ) | **ફાઈનનેશ** (સીવથી) | પાંચ સેમ્પલમાંથી એક ટેસ્ટ (આઈ.એસ.સીવ–૯૦ માઈક્રોન) | ૯૦ માઈક્રોનની સીવમાંથી ૯૦ ટકા અગર વધુ પસાર થવું જોઈએ. |
| | (ગ) | **કન્સીસ્ટેન્સી ટેસ્ટ** | એક સેમ્પલ (દરેક સેમ્પલ ઉપર મુજબ) | ૩૦ ટકા જેટલું દરેક સેમ્પલ ઉપર |
| | (ઘ) | **કંમ્પ્રેસીવ સ્ટ્રેન્થ** | ત્રીજા દિવસે ઓ.પી.સી. માટે ૧૬૦ કિ. ગ્રા. / સે.મી. | |
| | | | સાતમાં દિવસે ઓ.પી.સી. માટે ૧ર૦ કિ. ગ્રા. / સે.મી. | |
| | | | અઠયાવીસમાં દિવસે ઓ.પી.સી. માટે ૩૧૦ કિ. ગ્રા. / સે.મી. | |
| | (અ) | **ફેઈનનેસ ટેસ્ટ સ્પેશીફીક સરપેસ ધ્વારા** | ઓ.પી.સી. માટે ર૩૫ સે.મી./ગ્રામ વધારે | ઉપર મુજબ પાંચ સેમ્પલમાંથી એક ટેસ્ટ |

| ક્રમાંક | ટેસ્ટની વિગત | | ટેસ્ટનાં ધોરણો | પરિણામોની સ્વીકૃતિના ધોરણો |
|---|---|---|---|---|
| | (બ) | **રાસાયણિક પૃથ્થકરણ** આઈ.એસ.૪૦૩૨–૯૬૮ | ૧. મેગ્નેશીયમ ઓકસાઈડ ૬ ટકાથી ઓછું. | |
| | | | ૨. સલ્ફર ટાય ઓકસાઈડ ૨.૭૫ ટકાથી ઓછું. | ઉપર મુજબ પાંચ સેમ્પલમાંથી એક ટેસ્ટ |
| | | | ૩. ઈગ્નીશન લેસ ૫ ટકા સુધી | |
| ૨. | **રેતી** | | | |
| | (અ) | **સીલ્ક કંટેટ** | ૧૫૦ ઘન મીટરે એક ટેસ્ટ (એક સેમ્પલ ૧૦ કિ.ગ્રા.) | ૩ ટકા સુધી |
| | (બ) | **ફાઈનનેશ મોડયુલ્સ** | –– કીત્તો –– | સ્પેશીફીકેશન નિયત કરેલા ધોરણ મુજબ સામાન્ય રીતે ચોથા ઝોનમાં આવતી રેતી વાપરવી નહી. |
| | | | | |
| ૩. | **ગ્રીટ કપચી (ડામર કામ માટે)** | | બીટુમીનસ મેકાડેમ–ગ્રીટ અને કપચીના અલગ સ્પેશીફીકેશન નિયત કરેલા ધોરણો મુજબ બે તેમજ મીકસ એગ્રીગેટના દરરોજ બે ટેસ્ટ એક જ પ્લાન્ટ પરથી લેવાનો રહેશે. | સ્પેશીફીકેશન નિયત કરેલા ધોરણ મુજબ. |
| | (ક) | **ગ્રેડેશન ટેસ્ટ** | (અલગ–અલગ બે અને ડાયરમાંથી બે) | |
| | (ખ) | **ફલેકીનેશ ટેસ્ટ** | – પ્રતિ ૨૦૦ ઘનમીટરે એક ટેસ્ટ | ડામર સપાટી માટે ૩૫ થી વધુ નહી |
| | (ગ) | **ઈપેકટ ટેસ્ટ** | – પ્રતિ ૧૦૦ ઘનમીટરે ટેસ્ટ | ૩૦ % થી વધુ નહી |
| | (ઘ) | **એબ્રેશન ટેસ્ટ** | –– કીત્તો –– | ૩૫ % થી વધુ નહી |
| | (ચ) | **કપચી રો સ્ટ્રીપીંગ** | દર ૫૦ થી ૧૦૦ ઘનમીટરે એક ટેસ્ટ | ૨૫ % થી વધુ નહી |

| ક્રમાંક | ટેસ્ટની વિગત | | ટેસ્ટના ધોરણો | પરિણામોની સ્વીકૃતિના ધોરણો |
|---|---|---|---|---|
| | (અ) | **ડામર એકસ્ટ્રશન ટેસ્ટ** | દરરોજ બે ટેસ્ટ એક જ પ્લાન્ટ માટે લેવાનાં રહેશે. | ત્ર ૦.૩ % (નિયત ધોરણનાં) |
| | (બ) | **ડામરની ગુણવત્તાનો ટેસ્ટ (પેનીટેશન ટેસ્ટ)** | દર ૧૦૦ ટને એક ટેસ્ટ અથવા જરૂરીયાત મુજબ | ૦–૮૦–૪ %<br>૮૦–૨૨૫–૫ %<br>૨૨૫ થી ઉપર– ૭ % |
| | | | | |
| ૪. | **ઈંટો.** | | | |
| | (ક) | **એફલોરેશકેન્સ ટેસ્ટ** | ૨૦૦૦ ઈંટોના જથ્થામાંથી ૨૦ ઈંટો લેવાની રહે છે. | મેડરેટ |
| | (ખ) | **વોટર એબસોબૃશર ટેસ્ટ** | ૩૫૦૦૦ ઈંટોના જથ્થામાંથી ૩૨ ઈંટો લેવાની રહે છે. | ૨૦ % થી વધુ નહી. |
| | (ગ) | **કોમ્પ્રેશીવ સ્ટ્રેન્થ ટેસ્ટ** | અને દરેક ૫૦૦૦૦ ઈંટોમાંથી ૫૦ ઈંટો લેવાની રહે છે. | એવરેજ ૩૫ કી.ગ્રા./ સે.મી.થી ઓછું નહીં અને દરેક રીઝલ્ટ નિયત ધોરણોનાં ૨૦ % થી ઓછું ન હોવું જોઈએ. |
| | | | | |
| ૫. | **સી.સી. ફલોરીગ ટાઈલ્સ** | | | |
| | (ક) | **વોટર એબસોર્બશન** | ૨૦૦૦ ટાઈલ્સમાંથી ૬ ટાઈલ્સ લેવાની રહે છે. | વધુમાં વધુ ૧૦%<br>ભીની સુકી |
| | (ખ) | **ટાસવર્સ સ્ટ્રેન્થ ટેસ્ટ** | ૨૦૦૦ ટાઈલ્સમાંથી ૧૨ ટાઈલ્સ લેવાની રહે છે. | ૮૦ કી.ગ્રા./ ૧૨૦ સે.મી.<br>કી.ગ્રા./ સે.મી.<br>(ઓછામાં ઓછી) |
| | (ગ) | **એબ્રેશન ટેસ્ટ** | ૨૦૦૦ ટાઈલ્સમાંથી ૬ ટાઈલ્સ લેવાની રહે છે. | એવરેજ ઘસારો ૩:૫ મી.મી. થી વધુ નહી. |

| ક્રમાંક | ટેસ્ટની વિગત | ટેસ્ટના ધોરણો | પરિણામોની સ્વીકૃતિના ધોરણો |
|---|---|---|---|
| ૬. | **પાણી** | | |
| | **કેમીકલ એનાલીસીસ** | એક સોર્સ માટે એક જ વખત<br>ટેસ્ટ લેવાનો રહેશે.<br>પછી જો શંકા થાય તો જ. | ટીડીએસ (મી.ગ્રા./<br>લીટર – ૩૦૦૦)<br>સલ્ફેટ (મી.ગ્રા./ લીટર– ૫૦૦<br>પી.એચ.વેલ્યુ–૬ થી<br>૮ ફલોરાઈડઝ– મી.ગ્રા.<br>લીટર–૨૦૦૦ (પી.પી.સી.)<br>–૧૦૦૦ (આ.સી.સી.)<br>કાર્બનીક પદાર્થ–૨૦૦<br>અકાર્બનીક પદાર્થ ૩૦૦ |
| ૭. | **સીમેન્ટ કોંન્ક્રીટનાં કયુબ ટેસ્ટ** | | |
| | | (અ) ઓર્ડીનરી અને કંટ્રોલ્ડ<br>કોન્ક્રીટ માટે<br>આઈ.એસ.એસ.૪૫–૧૯૭૮ | (બ) જુદા જુદા કોન્ક્રીટ માટે<br>નિયત કરેલી મજબુતાઈ<br>મેળવવી જરૂરી છે. |
| | **જથ્થો** | સેમ્પલની સંખ્યા | ૭ દિવસ ૨૮ દિવસ |
| | ૧ થી ૫ ઘન મીટર<br>૬ થી ૧૫ ઘન મીટર | ૧<br>૨ | એમ.૧૦૦૭૦ ૧૦૦ કી.ગ્રા.<br>કી.ગ્રા./સે.મી. /સે.મી. |
| | ૧૬ થી ૨૦ ઘન મીટર | ૩ | એમ.૧૫૦ ૧૦૫ ૧૫૦ કી.ગ્રા.<br>કી.ગ્રા. |
| | ૩૧ થી ૫૦ ઘન મીટર | ૪ | એમ.૨૦૦ ૧૩૫ ૨૦૦ કી.ગ્રા.<br>કી.ગ્રા. |
| | ૫૧ થી ઉપરનાં<br>જથ્થામાં ગ્રેડ | ૪ ત્ર દરેક<br>૫૦ ઘન મીટરે<br>અથવા તેના ભાગ માટે | એમ.૨૫૦ ૧૭૦ ૨૫૦ કી.ગ્રા.<br>એમ.૩૦૦ ૨૦૦ ૩૦૦ કી.ગ્રા.<br>આ ઉપરાંત<br>આઈ.એસ.૪૫૯–૧૯૭૮ ના<br>કોડ મુજબ વિશિષ્ટ મજબુતાઈ. |
| | | એક સેમ્પલ (૧ સેમ્પલ– ૬ કયુબ) | (કેરકટરીસ્ટીક સ્ટ્રેન્થ) પણ<br>ગણતરી કરીને મેળવવાની<br>હોય છે. |

<table>
<tr><th>ક્રમાંક</th><th colspan="2">ટેસ્ટની વિગત</th><th>ટેસ્ટનાં ધોરણો</th><th>પરિણામોની સ્વીકૃતિના ધોરણો</th></tr>
<tr><td></td><td colspan="2"></td><td>(બ) ઓર્ડનરી અને કંટ્રોલ્ડ કોંક્રીટ પુલોના કામ માટે આઈ.આર.સી.–૨–૧૯૬૬ મુજબ</td><td>(બ) દરરોજ ટેસ્ટ કરેલા કયુબની સરેરાશ કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ નિયત ધોરણોથી ઓછી ના હોવી જોઈએ દરરોજ ટેસ્ટ કરેલ કયુબના ૨૦ %</td></tr>
<tr><td></td><td colspan="2"></td><td>પ્રતિ ૫૦ ઘન મીટરના જથ્થા માટે ૧૦ કયુબ લેવા જે પૈકી ૫ કયુબ ૭ દિવસનાં અંતે અને ૫ કયુબ ૨૮ દિવસનાં અંતે ટેસ્ટ કરવાનો રહે છે.</td><td>કયુબની સ્ટ્રેન્થ નિયત ધોરણોની સ્ટ્રેન્થના ૮૫ %થી ઓછી ના હોવી જોઈએ.</td></tr>
<tr><td></td><td colspan="2"></td><td>કોંક્રીટ કામ દરમિયાન પહેલાં ૬ દિવસ માટે કાયમ ઉપર મુજબ કયુબ લેવાના અને ત્યારપછી ત્રણ દિવસે એકવાર કયુબ ભરવાનાં રહે છે.</td><td></td></tr>
<tr><td></td><td colspan="2"></td><td>(ક) સીમેન્ટ કોંક્રીટ બીમના કામ માટે પ્રતિ ૩૦ ઘનમીટરના જથ્થા માટે ૧૦ કયુબ ભરવાના જે પૈકી ૫ કયુબ ૭ દિવસ અને બાકીના ૫ કયુબ ૮ દિવસે ટેસ્ટ કરાવવાના રહેશે.</td><td></td></tr>
<tr><td>૮.</td><td colspan="2">લોખંડ</td><td></td><td></td></tr>
<tr><td></td><td>(ક)</td><td>માઈલ્ડ સ્ટીલ બાર (આર.સી.સી.)</td><td>૪૦ ટને ઓછામાં ઓછું એક ટેસ્ટ લેવાના રહે છે.</td><td><table>
<tr><th>જાડાઈ મી.મી.</th><th>અલ્ટીમેટ ટેન્સાઈલ સ્ટ્રેન્થ (કી.ગ્રા. સે.મી.)</th><th>ચીલ્ડટેસ્ટ કી.ગ્રા./ સે.મી.</th><th>ઈલોગેશન ના ટકા</th></tr>
<tr><td>૦–૨૨</td><td>૪૨</td><td>૨૬</td><td>૨૪</td></tr>
<tr><td>૨૦–૪૦</td><td>૪૨</td><td>૨૪</td><td>૨૩</td></tr>
<tr><td>૪૦ થી વધુ</td><td>૪૨</td><td>૨૪</td><td>૨૩</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td></tr>
</table></td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td></tr>
</table>

| ક્રમાંક | ટેસ્ટની વિગત | | ટેસ્ટનાં ધોરણો | પરિણામોની સ્વીકૃતિના ધોરણો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | (ખ) | ટવીસ્ટેડ સ્ટીલ | — કીત્તો — | બધી સાઈઝ માટે | ૪૯૫ | ૪૨.૫ | ૧૪.૫ |
| | (બ) | પ્રીસ્ટેસ્ડ કોંક્રીટ માટે સ્ટીલના | — કીત્તો — | ૮.૦ | ૧૪૦ | આવેલ | ૪ ગ્રોજ |
| | | | | ૭.૦ | ૧૫૦ | ટેન્સાઈલ | ૪ લેથ |
| | | | | ૫.૦ | ૧૬૦ | સ્ટ્રેન્થથી | ૪૨૦૦મીમી |
| | | | | ૪.૦ | ૧૭૫ | ઓછામાં | ૩ |
| | | | | ૩.૦ | ૧૯૦ | ઓછું | ૨.૫ |
| | | | | | | | |
| ૯. | **ટીકવુંડ** | | | ૮૫ % | | | |
| | (૧) | કવર | | | | | |
| | (૨) | હાર્ડનેશ | | | | | |
| | (૩) | ડેનસીટી | | | | | |
| | (૪) | વજન | | | | | |
| | (૫)<br>(૬) | મોઈસ્વર કન્ટેન્ટ<br>પોરોસીટી | દરેક લોટ મુજબ | સ્પેશીફીકેશનના આઈ.એસ.કોડના નિયત કરેલ ધોરણ. | | | |
| | (૭) | સોફ્ટ ટીસ્યુ | | | | | |
| | (૮) | રેઝીન | | | | | |
| | (૯) | આઈડન્ટીફીકેશન | | | | | |

સરકારી પરિપત્ર ક્રમાંકઃ એસ.એસ.આર.૧૦૯૨/આઈ.બી.૧૨૯/૧૦/સ
તા.૨૪/૧૦/૧૯૯૪ અન્વયેના પરિશિષ્ટ મુજબ સુધારેલ પરિક્ષણની વિગત.

| અ.નં. | પરિક્ષણની વિગત | પરિક્ષણની હાલનું ધોરણ | પરિક્ષણની સુધારેલ કોરણ |
|---|---|---|---|
| ૧. | **મેટલ ગ્રેવલ કસ્ટ માટે** | ૧. ગ્રેડેશન ૨૦૦ ઘ.મી.<br>૧ પરિક્ષણ | ઘ.મી. પરિક્ષણની સંખ્યા |
| | | ૧. પરિક્ષણ | ૧૦૦ ઘ.મી. ૧ |
| | | ૨. ફલેકીનેશ | ૧૦૧ થી ૫૦૦ ૩ |
| | | ૩. ઈમ્પેકટ | ૫૦૧ તી ૧૫૦૦ ૫ |
| | | ૪ અબરેઝન | ૧૫૦૧ થી ૫૦૦૦ ૭ |
| | | ૫. ફર્શીગ ટેસ્ટ | ઓછામાં ઓછા એક ટેસ્ટ<br>એક કામ માટે |
| | | | |
| ૧૦. | **માટીની ફીલ્ડ ડાય ડેન્સીટી નકકી કરેલ ધોરણસર સ્થળ પર ક્ષેત્રિય કર્મચારીએ લેવાની રહેશે.** | | |
| | | | |
| ૧૧. | **રેતી** | ૧. ફાઈનેશ મોડયુલર<br>૨. ગ્રેડેશન | ૨૫૦ ઘ.મી. જથ્થાએ<br>૧ એક સેટ |
| | | | |
| ૧૨. | **મુરમ** | ૧. આઈ.પી.વેલ્યુ | ૪૦૦૦ ઘ.મી. જથ્થા માટે<br>૧ એક ટેસ્ટ |